# સાચું કામ ક્યારેય સરળ હોતું નથી : ડૉ. એ. વેલુમની

અમદાવાદ : ૨૯ જૂન ૨૦૧૬



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં થાઈરોકેરના ફાઉન્ડર ડો. એ. વેલુમનીના લેક્ચરનું આયોજન કરાયું હતું. ડો. એ. વેલુમની તામિલનાડુના એક નાના ગામમાં ખેડૂત પરિવારમાં જમ્યા હતા, આજે તેઓ મલ્ટીનેશનલ કંપની થાઈ રોકેરના માલિક છે. તેમણે સ્ટુડન્ટ્સ સાથે પોતાના વિચારો શેર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, એક યંગ આંત્રપ્રિન્યોર ચર્ચા કરી શકે અથવા તો નિર્ણય લઈ શકે. જો તમે કોઈ મુદ્દા પર ચર્ચા જ કરતા રહેશો તો તેના પર તમે નિર્ણય નહિં લઈ શકો. તેમણે સ્ટુડન્ટ્સને જણાવ્યું હતું કે, જો તમે કમ્ફર્ટ ઝોનમાં છો તો સમજી જજો કે તમે મુસિબતમાં છો. મેં મારા નિર્ણયો હંમેશા કોઈ ચર્ચા કર્યા વગર જ લીધા છે. મેં મુંબઈ જવાનો નિર્ણય પણ મારા પિતાને પૂછ્યા વગર જ લીધો હતો. અત્યારના સમયમાં જો તમારી પાસે કોઈ સારો આઈડિયા હોય તો તમે તમને ચાહતા હોય તેવા દસ લોકોને પૂછો, જો તે બધા તમને ના પાડે તો તેના પર અવશ્ય અમલ કરો. જો તેઓ સપોર્ટ કરે તો અમલમાં ન મુકતા. કારણ કે તમને પ્રેમ કરતા લોકો તમે આસાન વિકલ્પ પસંદ કરો તેવું ઈચ્છતા હોય છે, સાચો વિકલ્પ નહિં. જે સરળ હોય છે તે સાચુ હોતું નથી, જે સાચુ હોય છે તે સરળ હોતું નથી.

તેમણે પોતાના લેક્ચર દરમિયાન ફોકસ, લર્નિંગ, ગ્રોઈંગ અને એન્જોઈંગ એમ ચાર ક્રમ આપ્યા હતા.